# વાડને પેલે પાર

--ધીરુબહેન પટેલ

બાગની કાતરને સરખી ધાર ન હોય એનો તો કોઈ અર્થ જ નહીંને ! આમ તો નારાયણરાવને પોતાનાં બાવડાંનું અભીમાન હતું. તેમાંય બાગકામ એટલે તો ઘણી મામુલી વાત કહેવાય. છતાં આજે આ કડવી મેંદીનાં જાડાં ડાળખાં બરાબર ગાંઠતાં નહોતાં એટલે એમને મનમાં ખરાબ લાગતું હતું. ઘડીએ ને વારે એમને અટકવું પડતું, જ્યારે વાડની પેલી બાજુએથી એકસરખો લયબદ્ધ સપાસપ્... સપાસપ્ અવાજ આવ્યા કરતો હતો. એમાં એક જાતનું સંગીત સંભળાતું હતું, માણસનો શ્રમ હરે અને આત્મવીશ્વાસ જગાડે એવું.

એ લક્ષ્મીદાસ સંપત કદાચ પોતાનાથી બે-પાંચ વરસ નાનો હશે. તોય શું ? ક્યાં આ ગોટલા ચડી જાય એવી ઘડી ઘડી અટકી જતી પોતાના હાથની ગતી અને ક્યાં પેલાનું સપ્સપ્ સપાસપ્ ?

કદાચ વાડ કુમળી હોય... નવી હોય... પણ તોય શું ? આખરે એણે પેલી બાજુ ડોકાઈને કહ્યું, "તમારી કાતર જરા જોઉં ?"

"હા, હા ! લ્યો ને ! મારું હવે પતવા જ આવ્યું છે. ખરું જોતાં હું તમને પુછવાનો જ હતો કે કેમ આજે આમ બાપુની ગાડી જેવું ચાલ્યું છે તમારું ?"

"શું ?"

"વચ્ચે વચ્ચે અટકી જાય અને ખચ્ ખચ્ કરવા લાગે એટલે સહેજે વીચાર આવે, કેમ નહીં ?" કહી હસતાં હસતાં સંપતે પોતાની કાતર નારાયણરાવને ધરી.

ખીજાવું જોઈતું હતું પણ ખીજ ન ચડી. રાહત પામીને નારાયણે સંપતની કાતર લીધી અને બાકીની વાડ ફટાફટ કાપી નાખી. ઘરમાં જતાં વીચાર આવ્યો, માણસ ખોટો નથી. સંબંધ રાખવા જેવો. આમેય હવે જાનકીના ગયા પછી બહુ સંબંધો ક્યાં રહ્યા છે ?

ત્યાર પછી ગુલછડીના ક્યારામાં ગોડ કરતાં વીચાર આવ્યો, થોડા કાંદા સંપતને આપી શકાય. આમેય કાઢી નાખવા પડે એના કરતાં છોને આની વાડીમાં ઉગતા !

સંપતે ના ન પાડી ઉલટાના નમ્રભાવે બેચાર સવાલ પુછ્યા. નારાયણરાવને પોતાનું જ્ઞાન ઠાલવવાની એક તક મળી. ત્યાર બાદ બન્ને વચ્ચે વાતચીતનો વ્યવહાર બંધાયો; પણ તે બાગકામ પુરતો જ. તોય સારું લાગતું હતું. એકબીજાના ક્યારાની સરખામણી, દુષ્ટ કોળ અને જીવડાંઓના આક્રમણથી બચવાની વ્યુહરચના, વીવીધ જાતનાં ખાતર અને બાગકામનાં સાધનોની ગુણવત્તાની છણાવટ વગેરે અનેક રસપ્રદ વાતો થતી હતી અને બન્નેની જાણ બહાર મૈત્રી જેવું કંઈક રચાયે જતું હતું.

એમાં એક દીવસ લક્ષ્મીદાસ સંપતને ઘેર ઘણા બધા મહેમાનોની અવરજવર થઈ અને સાંજ પડ્યે બધા પાછા ગયા પછી પણ બત્તીઓનો ઝગઝગાટ ચાલુ રહ્યો.

કુતુહલ જાગ્યું તોય નારાયણરાવે પ્રશ્નો ન પુછ્યા. એક નવો નવો નાનો અમથો સંબંધ, તેના ઉપર બહુ ભાર ન દેવાય ક્યાંક બટકીને તુટી જાય તો બેઘડી વાતનો આશરોય જાય.

"ધારો કે મેં તમને બોલાવ્યા હોત તો તમે આવત ?' બીજા દીવસે ઢળતી બપોરે લક્ષ્મીદાસે પુછ્યું.

"ક્યાં ?"

"અરે, મારે ત્યાં. તમે જોયું હશે જ, બધા બહુ લોકો આવ્યા હતા."

"ના," જરા વાર અટકીને નારાયણરાવે ઉમેર્યું, "મને એવું બધું બહુ ફાવતું નથી."

"મને લાગતું જ હતું." સંતોષપુર્વક કહીને લક્ષ્મીદાસ સંપતે ક્યારો ગોડવામાં મન પરોવ્યું. પંદરેક મીનીટ પછી એણે પુછ્યું, "મને લાગે છે કે આપણે ચા પીએ. શું કહો છો?"

હવે આજ લગી એવું બધું કંઈ બન્યું નહોતું. સાથે બેસીને ચા પીવાનું કે એવુંતેવું; પણ નારાયણને લાગ્યું કે સંપત કદાચ કાલના પ્રસંગને રોળી નાખવા માંગે છે. એમણે જરાક સ્મીત કર્યું અને કહ્યું, "મારે ઘરે પણ ચાની તૈયારી જ હશે."

"તમને વાંધો નહીં હોય તો અહીં જ પીએ."

"ઓલ રાઈટ!"

ત્યાર પછી ધીરેધીરે બાગકામ સીવાયની વાતો પણ થવા માંડી. બન્ને એકબીજાને વધારે ઓળખવા લાગ્યા; પણ અંગતજીવનની એક અદશ્ય દીવાલ કોઈએ ઓળંગવાનો પ્રયત્ન ન કર્યો.

એને લીધે સારું લાગતું હતું. બંને દુરના દુર; છતાં પાસે, બે ટાપુના રહેવાસી જેવા. ક્યારેક શારીરીક તકલીફોની વાતો નીકળતી; પણ એમાંય કશા લાગણીવેડા નહીં. પોતપોતાનું સ્વમાન અને સ્વતંત્રતા જાળવવા છતાં બંને નીકટ આવતા જતા હતા અને આ આધેડ વયે આટલી માપસરની આત્મીયતા એક સદ્ભાગ્ય જેવી લાગતી હતી.

બાકીની જીંદગી આમ જ આરામદાયક રીતે વીતી જાત. એક આછી ખુશ્બો ક્યારે આવે ન આવે; પણ એની હાજરી ભુલાય નહીં એવી જાતનો એ સંબંધ મનને સંતોષ આપતો હતો. અને એમાં ક્યારેય કાંઈ ફરક પડે એવું લાગતું નહોતું.

પણ ચાર દીવસ સુધી નારાયણરાવ દેખાયા નહીં ત્યારે સંપતને લાગ્યું કે એમની તપાસ કરવી જોઈએ. ખાસ પ્રસંગે બહાર જવાનું થાય ત્યારે જે સારાંમાંનાં ઈસ્ત્રી કરેલાં કપડાં કબાટમાંથી કાઢવામાં આવતાં તે પહેરીને એ નીકળ્યો અને વાડમાંના છીંડામાંથી નહીં; પણ વ્યવસ્થીત રીતે દરવાજેથી નારાયણરાવના બાગમાં ગયો.

ઘરની અંદર જવાની જરુર પડી નહીં. નારાયણરાવ ઓટલા પર જ બેઠા હતા. સંપતને જોઈ એમણે હાથ ઉંચો કર્યો અને જરા ખસીને પોતાની પાસે બેસવાની જગ્યા કરી. સંપતને ન ગમ્યું. એનાં કપડાં મેલાં થવાનાં; પણ આખરે એ ત્યાં જ ઓટલા ઉપર નારાયણરાવની પાસે બેસી ગયો.

કશા સવાલ-જવાબ થયા નહીં. જાણે આવી રીતે ત્રણચાર દીવસે દેખાવું અને આમ પાસે પાસે બોલ્યા વગર બેસવું એ જ ખુબ સ્વાભાવીક છે.

પાએક કલાક પછી નારાયણરાવે કહ્યું, "હવે જો અહીં કોઈ સ્ત્રી હોય તો બોલ્યા વગર રહે જ નહીં."

"એ લોકોને એવી ટેવ હોય છે."

"ઠીક છે, થોડુંઘણું બોલે તે ચલાવી લેવાય; પણ એ તો પુછી પુછીને માથું ખાઈ જાય-તમે જાણો છોને?"

"હા, અને પછી ચીડાય!"

"કે રડે!"

"થાક લાગે એમની સાથે રહેવાનો."

"હં... જો કે કેટલાક ફાયદા ખરા."

"ઠીક હવે. પૈસા હોય અને સારા નોકરો તો કંઈ વાંધો ન આવે."

"બરાબર. સારા પાડોશી હોય તો વળી વધારે સારું."

"હં."

સ્મીતની નહીં પણ નજરની આપ-લે થઈ અને બાગની હવા કંઈક વધારે સુખદાયક લાગી.

"સંપત!"

"શું કહો છો?"

"બને તો આ લોકોથી દુર જ રહેવું. જેમ બને તેમ દુર. ઠીક છે, મા તો જાણે હોય, બહેનનેય નીભાવવી પડે; બાકી આ માસી-કાકી-મામી-ફોઈ એ બધાં લફરાંમાં પડવા જેવું નહીં."

"કેટલીક વાર ભાભીઓ હોય છે."

"હા, એ વળી વધારે વળગતી આવે. પણ ટુંકમાં, એ બધાં એવાં ને એવાં. આપણને શાંતીથી જીવવા ન દે."

"ખરું છે."

મૌનના થાંભલાઓ પર સંમતીનો ઘુમટ રચાઈ ગયો; પણ મનમાં જાગેલા મહાપ્રશ્નને કોઈએ હોઠ પર આવવા દીધો નહીં.

અંધારું થવા આવ્યું એટલે સંપત હળવે રહીને ઉઠ્યો. નારાયણરાવે બેઠાં બેઠાં જ કહ્યું, "કાલે તો હું આવીશ. તમારી ગુલછડીમાં એકકે ફુલ આવ્યું?"

"ના, પણ ડોડા મજબુત છે. એકદમ ભરચક."

"તો સારું. બહુ પાણી નહીં નાખતા."

"ના."

રાતે સુતાં સુતાં સંપતને વીચાર આવ્યો, નારાયણરાવના મન પર કશોક ભાર તો છે. પણ... હશે, એમને જરુર લાગશે તો એમની મેળે કહેશે.

બીજી સાંજે નારાયણરાવ વાયદા પ્રમાણે આવ્યા. ગુલછડી ઉપરાંત બીજા પણ કેટલાક છોડવાનું નીરીક્ષણ થયું; પણ કશી ખાસ વાત નહીં થઈ. તોય એવું લાગતું હતું કે એકાદ મનમોજી પતંગીયું હળવેથી તરતું આવીને કોઈ ફુલ પર ચક્કર મારે છે-જાણે હમણાં બેસે, હમણાં બેસશે પણ આખરે ઉડી જાય છે.

સંપતે સચીંત ભાવે નારાયણરાવ સામે જોયું. એની આંખોમાં ઈન્તેજારી તો જરાક જ હતી.. બાકીની બધી લાગણી હતી-નામ ન પડાય એવી, છતાં સાચી.

નારાયણરાવ ઢીલા પડ્યા. એમનાથી બોલાઈ ગયું, "સંપત, એક વાત કહું?" પછી વળી સંપત જવાબ આપે ન આપે તે પહેલાં જોરથી બોલ્યા, "કંઈ નહીં; કાલે વાત."

રીવાજ નહોતો છતાં સંપત દરવાજા લગી વળાવવા ગયો અને બહુ ધીમેથી બોલ્યો, "કંઈ કામ હોય તો કહેજો."

"હં."

નારાયણરાવ ગયા. સંપત થોડી વાર ઉભો રહ્યો. એને યાદ આવ્યું, નાનો હતો ત્યારે પહેલી વાર બાપુ જોડે બૅન્કમાં ગયેલો-લૉકર ખોલવાની કેટલી અટપટી વીધી! મનની વાત કહેવાનુંય સહેલું નથી. તોય પોતાનો વાંક તો કહેવાય. પુછવું જોઈતું હતું. બહુ બહુ તો વાત ન કરત. એમાં શું અપમાન થઈ જવાનું હતું? પણ આજે તો એ તક ગઈ.

બીજે દીવસે ગુરુવાર હતો. નારાયણરાવ રોજ કરતાં વહેલાં આવ્યા. એમના મનનો અજંપો અગરબત્તીના ઝીણા ધુમાડા જેવો ઘડી ઘડી અસ્થીરપણે દેખાતો હતો અને અલોપ થઈ જતો હતો. સંપતે નક્કી કર્યું કે આજે તો જે થાય તે, પુછી જ નાખું.

પણ એને પુછવું નહીં પડ્યું.

ગોરખઆમલીનાં ખુબ ઉંચે વધી ગયેલાં પાન સામે સ્થીર દૃષ્ટી કરીને નારાયણરાવ બોલ્યા, "જાનકીનો કાગળ આવ્યો છે."

"જાનકી?"

"હં. મારી વાઈફ, એક્સ વાઈફ-જે કહેવું હોય તે. અમે કાયદેસર રીતે છુટાં પડી ગયાં છીએ. આમેય છુટાં જેવાં જ હતાં."

સંપત હોંકારો ભણ્યા વગર ધ્યાનથી સાંભળતો રહ્યો.

"હવે આટલા બધા વખત પછી એણે કાગળ લખ્યો છે. એ-એ પાછી આવવા માગે છે."

પર્વતની ટોચેથી ગબડતો આવતો પથ્થર રસ્તો રુંધીને સ્થીર થઈ ગયો. કેટલો વખત ગયો તેનો કંઈ ખ્યાલ રહ્યો નહીં. અચાનક નારાયણરાવે આવેશમાં આવીને બોલવા માંડ્યું.

"શા માટે? મેં એનું શું બગાડ્યું છે? શા માટે એણે પાછા આવવું જોઈએ? પહેલાં કંઈ એણે ઓછું વીતાડ્યું છે મને? અને હવે તો બધું પતી ગયું છે. એને જે જોઈતું હતું તે બધું એને મળી ગયું છે - ને મને-મને પણ એકલા રહેવાની ટેવ પડી ગઈ છે. છોકરાં હોત તો જુદી વાત હતી. આ તો કોઈ કરતાં કોઈ કારણ જ નથી સંપત, સમજ્યા તમે ? શા માટે એ મને ફરી વાર સતાવવા માગે છે? એને શો હક્ક છે? કોઈ નહીં, કોઈ જ નહીં. અને એ કેવી છે, જાણો છો?

"એક મીનીટ તમને જંપીને બેસવા ન દે. બધી વાતમાં-તમારી એકેએક વાતમાં એ માથું મારે અને એની નાપસંદગી એકધારા તીણા અવાજે જણાવ્યા જ કરે. તમે સાંભળવા જીવતા રહ્યા છો કે મરી ગયા છો એની પણ એ પરવા ન કરે. બસ- બોલ્યા જ કરે ! આવી બાઈને ઘરમાં શી રીતે આવવા દેવાય? અને તે પણ આ ઉંમરે ! શાંતીનાં બેચાર વરસ બાકી રહ્યાં હોય ત્યારે? ના, હું એને નથી આવવા દેવાનો. ભલે એનાથી થાય તે કરી લે !"

ગુસ્સાથી લાલ થઈ ગયેલા ચહેરા પર નારાયણરાવે હાથ ફેરવ્યો; જાણે મોં ધોઈ નાખ્યું.

"તો તમે એને - એ જાનકીબહેનને ના લખી દો ને?"

"એ જ છે ને ! સંપત, મને મારા પર ચીડ ચડે છે... પણ મેં એને હા પાડી દીધી."

"ઓહ !"

"શું કરું?" નારાયણરાવે મોં ફેરવી લીધું; પણ એમનાં આંસુ એમના ચહેરાને, એમના અવાજને, એમની ઉભા રહેવાની આખી ઢબને હચમચાવી નાખીને વહેવા લાગ્યાં.

સંપત એમની સામે જોઈ ન શક્યો. ધરતીકંપથી તુટી પડતા મીનારા સામેથી નજર ખસેડાય નહીં અને જોવાય પણ નહીં એવો એ પળે એના મનનો ઘાટ હતો. એણે મુંગામુંગા હાથ હલાવીને હળવેથી નારાયણરાવના ખભે હાથ મુક્યો. નારાયણરાવે જરા વાર એ રહેવા દીધો અને પછી આસ્તેથી ખસેડી નાખ્યો.

સ્વસ્થ થયા પછી એ બોલ્યા, "સંપત ! એ દુખી છે. ખુબ દુખી. શું કરું ? એક વખત તો મેં એનો હાથ પકડ્યો હતો. આજે એનું કોઈ નથી ત્યારે હું એને આશરો આપવાની ના પાડું ? એ કેમ બને? એટલે - હવે મેં લખી દીધું છે અને કાલે સવારે એ આવશે...

"મારે આ બધું તમને કહેવું જોઈએ; કારણ કે કાલથી આપણે આમ મળી નહીં શકીએ... મારી જીંદગી બદલાઈ જશે, હું બદલાઈ જઈશ - મને મળવાની તમને મજા નહીં આવે. કોઈને મજા નહીં આવે, સમજો છો, સંપત ?"

સંપતે જવાબ ન દીધો. એને પોતાના અવાજનો ભરોસો નહોતો.

--ધીરુબહેન પટેલ

'નવનીત-સમર્પણ'ના નવેમ્બર ૨૦૦૪ના 'દીપોત્સવી વીશેષાંક'માંથી સાભાર...

સંપર્ક : હંસરાજ વાડી, ટાગોર રોડ, સાંતાક્રુઝ-પશ્ચીમ, મુંબઈ-૪૦૦ ૦૫૪ ફોન: ૦૨૨-૨૬૪૬ ૧૬૪૯
અને સી-૮, રાજહંસ સોસાયટી, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ ફોન: ૦૭૯-૨૬૩૦ ૮૭૧૭
મોબાઈલ : ૯૯૬૯૩ ૨૦૦૨૭



## સર્જક પરીચય

**ધીરુબહેન ગોરધનભાઈ પટેલ**નું વતન તો ધર્મજ; પણ એમનો જન્મ વડોદરામાં થયો તા. ૨૯ મે ૧૯૨૬ના દીને. પરીવારનો વસવાટ મુંબઈ, તેથી અભ્યાસ(એમ.એ.), વ્યવસાય(અધ્યાપન) અને કાયમી નીવાસ પણ મુંબઈમાં જ રહ્યો. ગુજરાતી સાહીત્યના રસીક વાચકોને એમનો પરીચય આપવાનો ન હોય. ગુજરાતી ભાષાનાં પ્રસીદ્ધ સાહીત્યકાર, ટુંકી વાર્તા, નવલકથા, એકાંકી અને બાલસાહીત્ય ક્ષેત્રે એમનું પ્રદાન માતબર છે.

'અધુરો કોલ', એક લહર', 'વીશ્રંભકથા', 'જાવલ' જેવા **વાર્તાસંગ્રહો;** 'વડવાનલ', 'શીમળાનાં ફુલ', 'વાવંટોળ', 'વમળ', 'કાદમ્બરીની મા', 'સંશય-બીજ' જેવી **નવલકથાઓ;** 'વાંસનો અંકુર', 'આંધળી ગલી', 'આગંતુક', 'અનુસંધાન' જેવી **લઘુકથાઓ** આપી તેમણે ગુજરાતી સાહીત્યને વધુ સમૃદ્ધ કર્યું છે.

કુટુંબજીવનના અને સમાજજીવનના અનેક પ્રશ્નો તેમની કથાઓમાં સુઝબુઝપુર્વક અને કલાત્મક ઢબે આલેખાયા છે.

'પરદુખભંજન પેસ્તનજ', 'ગગનનાં લગન' વગેરે તેમનાં **હાસ્યરસ**નાં પુસ્તકો છે. 'પહેલું ઈનામ', 'પંખીનો માળો', 'વીનાશના પંથે' તેમનાં **નાટ્ય ગ્રંથો** છે. 'ભવની ભવાઈ' ફીલ્મનું **પટકથાલેખન** પણ ધીરુબહેનનું છે. 'નમણીનાગર વેલ' તેમનો **એકાંકી** સંગ્રહ છે. 'મનનો માનેલો' અને 'માયા પુરુષ' તેમનાં રેડીયો નાટકનાં પુસ્તકો છે.'અંડેરીગંડેરી ટીપરીટેન','બતકનું બચ્ચું' અને' મીત્રાનાં જોડકણાં' તેમનાં **બાળસાહીત્ય**નાં પુસ્તકો છે. આ ઉપરાંત તેનણે **અનુવાદ** અને **સંપાદન** ક્ષેત્રે પણ કામ કર્યું છે.

સને ૧૯૮૦માં તેમને **રણજીતરામ સુવર્ણચંદ્રક** અર્પણ થયો અને નવલકથા માટે ૨૦૦૧નો **દીલ્હી સાહીત્ય અકાદમીનો એવોર્ડ** એનાયત થયો. તદુપરાંત તેમનાં પુસ્તકોને **'ગુજરાતી સાહીત્ય પરીષદ'** અને **'ગુજરાત સાહીત્ય અકાદમી'**ના પુરસ્કારો પણ એનાયત થયા છે.

વર્ષ ૨૦૦૩-૦૫ માટે તેઓ **'ગુજરાતી સાહીત્ય પરીષદ'નાં પ્રમુખ** રહી ચુક્યાં છે અને ત્યાં પણ તેમનું યોગદાન વીશીષ્ટ રહ્યું છે.

પરંતુ **'સન્ડે ઈ-મહેફીલ'** અને **'ગુજરાતી લેક્સીકોન'**ના ચાહકો માટે તેમની વીશીષ્ટ ઓળખ એ છે કે ગુજરાતી લેક્સીકોનનું લોકાર્પણ મુંબઈમાં તા. ૧૩ જાન્યુઆરી ૨૦૦૬ના દીને તેમના વરદ હસ્તે થયેલું. **શ્રી. રતીલાલ ચંદરયા**ના આ પ્રકલ્પથી તેઓ ખુબ પ્રભાવીત થયેલાં અને કહેલું, 'ગુજરાતની યુનીવર્સીટીઓ અને સાહીત્ય પરીષદે કરવા જેવું કામ તમે કરી રહ્યા છો.' એટલું જ નહીં પણ પ્રકલ્પની ચકાસણી માટે વીદ્વાન-તજજ્ઞોનો સહકાર પણ મેળવી આપ્યો હતો. લેક્સીકોનના લોકાર્પણ ટાણે તેમણે કહેલું કે, 'માત્ર ગુજરાતમાં જ નહીં; આખી દુનીયામાં ફેલાયેલાં ગુજરાતી પરીવારો શ્રી. રતીલાલ ચંદરયાના આભારી થશે; કારણ કે એમના પુરુષાર્થ દ્વારા સૌને અને ભાવી પેઢીઓને ગુજરાતી ભાષાનો વીપુલ શબ્દરાશી ઉપલબ્ધ બન્યો છે.'

સમારંભમાં હાજર **શ્રી. સુરેશ દલાલે** કહેલું કે, 'ધીરુબહેનનું આજનું આ વ્યાખ્યાન એકેએક ગુજરાતી પરીવારના હાથમાં પહોંચવું જોઈએ,' અને અમે તે આખા વ્યાખ્યાનની ૩૪મી 'સન્ડે ઈ-મહેફીલ' બનાવેલી તા. **૨૯મી જાન્યુઆરી** ૨૦૦૫ના રવીવારે.........જીજ્ઞાસુઓને તે **http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM** પરથી સરળતાથી મળી રહેશે..

--બળવંત પટેલ અને ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **132** -- **December 16, 2007**

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકનઃ **-uttamgajjar@hotmail.com**

શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લેક્સીકોનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી **5,82,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લેક્સીકોનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લેક્સીકોનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **7,600** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે. સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeM પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લેક્સીકોન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

## ● મધુરેણ સમાપયેત્ ●




છેવટે એમણે એમની દીકરી માટે મનગમતો છોકરો શોધ્યો ખરો! સમજ્યા હવે..., એ નૉનવેજ ખાતો હશે, સ્મોકીંગ, દારુ-જુગારની લત હશે, પૉની ટેઈલ છુંદણાં, બુટીયાં પહેરતો હશે, પણ વાણીયાનો દીકરો તો ખરો ને?

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની

web site : www.ameamericanamdavadi.com


'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 132 -- December 16, 2007

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન: -uttamgajjar@hotmail.com


● ◆ ● ◆ ● ◆